
# આસપાસ ચોપાસ

## ધાર્મિક કાર્યક્રમોની ઉજવણીમા ગ્રામજનો આધ્યાત્મિક શાંતિ અને ધન્યતાની અનુભૂતિ કરે છે

# ચિખોદરા



અંબાજી માતા મંદિર


રણછોડરાય મંદિર



હનુમાનજી મંદિર


વહેરાઈ માતા મંદિર

આધ્યાત્મિકતા અને કોમી એકતાનું પ્રતીક સમાન ચીખોદરા ગામ પંથકમાં જાણીતું છે. ધાર્મિક વાર્તાઓ, સંસ્કૃતિ અને આસ્થાના કેન્દ્ર સમાન અહીં નવ જેટલા ભવ્ય મંદિરો આવેલા છે. ગામમાં પ્રવેશતા જ એક દિવ્ય ઉર્જાનો અનુભવ થાય છે. શિવભક્તો માટે પવિત્ર મહાદેવ મંદિર કૃષ્ણભક્તિનો રંગ રેડતું રણછોડરાય મંદિર અને આધ્યાત્મિક શાંતિ આપતું પ્રણામી મંદિર, સંકટ સમયના સાથી એવા હનુમાનજીનું મંદિર, નગરની રક્ષા કરતી વેરાઈ માતાજીનું મંદિર અને અખૂટ શ્રદ્ધાનું કેન્દ્ર એવું અંબાજી માતાજીનું મંદિર, આધુનિક શિલ્પકળા અને સંસ્કારોનું ધામ એવું સ્વામિનારાયણ મંદિર પણ અહીં શોભી રહ્યું છે. ચીખોદરા માત્ર હિન્દુ આસ્થાનું જ કેન્દ્ર નથી. ગામમાં ખ્રિસ્તી સમુદાયનું સુંદર ચર્ચ અને મુસ્લિમ બિરાદરો માટે પવિત્ર મસ્જિદ પણ આવેલી છે. વિવિધ ધર્મના લોકો વર્ષોથી અહીં હળીમળીને રહે છે અને એકબીજાના તહેવારો ઉત્સાહભેર ઉજવે છે, જે ભારતીય સંસ્કૃતિની અસલી ઓળખ છે. ગામમાં આવેલા અનેક પૌરાણિક મંદિરો વર્ષોથી શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર રહ્યા છે. સમયાંતરે અનેક મંદિરોનો જીર્ણોદ્ધાર કરી ભવ્ય નવ નિર્માણ કરવામાં આવતાં આજે આ દેવસ્થાનો ગામની આગવી ઓળખ બની ગયા છે. ગામમાં આવેલું વેરાઈ માતાજીનું ભવ્ય મંદિર વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. અહીં દર વર્ષે નવરાત્રી મહોત્સવ દરમિયાન માતાજીના દિવ્ય પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. રાસ-ગરબાની રમઝટ, શોભાયાત્રા, યજ્ઞ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભાવિકો અને ગ્રામજનો ઉમટી પડે છે. માતાજીના દર્શન કરી ભક્તો આધ્યાત્મિક શાંતિ અને ધન્યતાની અનુભૂતિ કરે છે. આ ઉપરાંત ગામમાં મહાદેવ મંદિર, ગામના પ્રવેશદ્વારે આવેલું નયનરમ્ય હનુમાનજી મંદિર, ભગવાન રણછોડરાય મંદિર, રામદેવજી મહારાજ મંદિર, ખોડીયાર માતાજી, મેલડી માતાજી અને અંબાજી માતાજીનાં મંદિરો સહિત અનેક ધાર્મિક સ્થળો ભક્તિનું કેન્દ્ર બન્યા છે. તમામ મંદિરોમાં રોજ સવાર-સાંજ નિયમિત પૂજા-આરતી થતી હોવાથી સમગ્ર ગામમાં આધ્યાત્મિક વાતાવરણ છવાયેલું રહે છે. નવરાત્રી, દિવાળી, નૂતન વર્ષ, જન્માષ્ટમી, રામનવમી, હોળી, હનુમાન જયંતિ સહિતના તમામ ધાર્મિક તહેવારો ગામના તમામ સમાજના લોકો સંપ, સૌહાર્દ અને એકતાની ભાવના સાથે ઉજવે છે. આ જ પરંપરા ચીખોદરાને માત્ર વિકાસશીલ જ નહીં, પરંતુ ધાર્મિક અને સાંસ્કૃતિક રીતે પણ સમૃદ્ધ ગામ તરીકે આગવી ઓળખ અપાવે છે.

## ચિખોદરાના ગૌરવસપુત ગોવિંદભાઈ પરમાર : સરપંચથી રાજ્યના મંત્રી સુધીની પ્રેરણાદાયી જનસેવાની સફર



ચીખોદરા ગામના ગૌરવસપુત અને પીઢ રાજકીય-સામાજિક અગ્રણી ગોવિંદભાઈ રઈજીભાઈ પરમારે ગામના સરપંચ પદથી શરૂઆત કરીને રાજ્ય સરકારમાં મંત્રીપદ સુધીની તેમની સફર અનેક માટે પ્રેરણારૂપ બની છે. ગોવિંદભાઈ પરમારે પાંચ દાયકાથી વધુ સમય જાહેર જીવનમાં વિતાવ્યો હતો. તેમણે વર્ષ ૧૯૭૫થી ૧૯૮૦ દરમિયાન ચીખોદરા ગામના સરપંચ તરીકે સેવાઓ આપી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૮૦થી ૧૯૯૨ સુધી વિવિધ સ્થાનિક સંસ્થાઓમાં સભાપતિ તરીકે જવાબદારીઓ નિભાવી ગામના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. વર્ષ ૧૯૯૫માં તેઓ પ્રથમ વખત સારસા વિધાનસભા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ધારાસભ્ય ચૂંટાઈ આવ્યા હતા. તેમના જાહેર જીવનનો વધુ એક મહત્વપૂર્ણ તબક્કો વર્ષ ૧૯૯૮માં આવ્યો, જ્યારે શંકરસિંહ વાઘેલાના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારમાં તેમણે કૃષિ મંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૯૮થી ૨૦૦૨ દરમિયાન તેઓ કોંગ્રેસના ધારાસભ્ય તરીકે લોકસેવામાં સક્રિય રહ્યા હતા. પછી વર્ષ ૨૦૧૧માં તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા અને વર્ષ ૨૦૧૭ તથા ૨૦૨૨માં ભાજપની ટિકિટ પર ઉમરેઠ વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. પોતાના રાજકીય જીવન દરમિયાન તેમણે પક્ષથી ઉપર ઊઠીને સામાન્ય લોકોના પ્રશ્નોને પ્રાથમિકતા આપી અને લોકહિતના અનેક કાર્યોમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. ૭૪ વર્ષની વયે તેમના અવસાનથી ચીખોદરા ગામે માત્ર એક પૂર્વ મંત્રી કે ધારાસભ્ય જ નહીં, પરંતુ લોકહૃદયમાં સ્થાન મેળવનાર સંવેદનશીલ જનસેવક ગુમાવ્યો છે. તેમના વ્યક્તિત્વની સાદગી, સેવાભાવ અને વિકાસલક્ષી દ્રષ્ટિ ચીખોદરાના ઇતિહાસમાં હંમેશા અવિસ્મરણીય બની રહેશે.

## મૂળભૂત સુવિધાઓથી સમૃદ્ધ ચિખોદરા ગામ જનસુખાકારી માટે હંમેશા અગ્રેસર રહ્યું છે




**બ્લોક રોડ, ગટર અને શુદ્ધ પાણીની સુવિધાથી ગ્રામજનોનુ જીવન સરળ બન્યું છે**

ચીખોદરા ગામ આજે મૂળભૂત સુવિધાઓ અને જનસુખાકારીના ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતું ગામ બની રહ્યું છે. સમયની સાથે વિકાસની નવી દિશામાં આગળ વધેલા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા નાગરિકોને જરૂરી તમામ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગામના પાદરે આવેલો ઐતિહાસિક કૂવો એક સમય ગામની જીવનરેખા ગણાતો હતો. વર્ષો પહેલાં ગામની તમામ જાતિ અને સમાજના લોકો રોજિંદા ઉપયોગ માટે આ એકમાત્ર કૂવાના પાણી પર જ નિર્ભર હતા. સમય બદલાતાં આધુનિક વોટર વર્ક્સ યોજના અમલમાં આવી અને આજે ગામના મોટાભાગના ઘરોમાં નળજોડાણ મારફતે નિયમિત શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે.

ગામના લગભગ દરેક વિસ્તારમાં બ્લોક અથવા આર.સી.સી. રોડની સુવિધા ઉપલબ્ધ છે. કોઈપણ પ્રકારના ભેદભાવ વિના તમામ ફળિયાઓમાં બ્લોક પેવિંગ અને ગટર વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાથી સ્વચ્છતા અને સુવિધામાં નોંધપાત્ર વધારો થયો છે. ગ્રામ પંચાયત દ્વારા પીવાના પાણીની નિયમિત ઉપલબ્ધિ જળવાઈ રહે તે માટે પણ સતત દેખરેખ રાખવામાં આવે છે. આગામી સમયમાં પણ જનસુખાકારીને કેન્દ્રમાં રાખીને વધુ વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકવાના પ્રયાસો હાથ ધરાયા છે. એકંદરે ચીખોદરા ગામમાં નાગરિકોની જરૂરિયાતોને અનુરૂપ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ બનતાં ગામ વિકાસ અને સુવ્યવસ્થિત ગ્રામ્ય જીવનનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે.

### ગ્રામ પંચાયત ટીમ

- નિલમબેન અશોકભાઈ પરમાર- સરપંચ
- જીગ્નેશકુમાર નટુભાઈ પટેલ
- અમિતાબેન રાહુલભાઈ પંડયા
- વર્ષાબેન દિલીપભાઈ પરમાર
- હેતલબેન અમિતકુમાર પરમાર
- ચંપાબેન વિનોદકુમાર પરમાર
- કમલેશભાઈ રમેશભાઈ વસાવા
- હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમાર
- રમેશભાઈ રાવજીભાઈ પરમાર
- રંજનબેન શંકરભાઈ પરમાર
- ભૃગેશકુમાર શનાભાઈ વાઘેલા
- રણછોડભાઈ ઈશ્વરભાઈ પરમાર
- ભરતભાઈ પરસોત્તમભાઈ પરમાર
- મધુબેન ચંદુભાઈ પરમાર
- લીલાબેન રમણભાઈ પરમાર
- શારદાબેન હરમાનભાઈ પરમાર
- વિજયકુમાર લલ્લુભાઈ મકવાણા
- મનીષાબેન અમિતભાઈ પટેલ
- સુધાબેન મનુભાઈ પરમાર

## વર્ષ ૧૯૩૧માં સ્થાપિત એમ.એમ. એન્ડ સન્સ હાઈસ્કૂલ ઐતિહાસિક શૈક્ષણિક સંસ્થા






ચિખોદરા ગામમાં શિક્ષણનો મજબૂત પાયો નાખનારી અને અનેક પેઢીઓને જ્ઞાન, સંસ્કાર અને જીવનમૂલ્યોનું ભાથું આપનારી એમ.એમ. એન્ડ સન્સ હાઈસ્કૂલ, ચીખોદરા આજે લગભગ એક સદીનો ગૌરવશાળી ઇતિહાસ ધરાવતી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા તરીકે ઓળખાય છે. ચરોતર પંથકમાં જ્ઞાનનો દીપ પ્રગટાવતી આ શાળાની સ્થાપના બ્રિટિશ શાસનકાળ દરમિયાન વર્ષ ૧૯૩૧માં કરવામાં આવી હતી. શાળા સંકુલના નિર્માણ માટે ભૂમિદાન તેમજ નોંધપાત્ર આર્થિક સહયોગ એમ.એમ. એન્ડ સન્સ પરિવાર દ્વારા આપવામાં આવ્યો હતો. તેમના સેવાભાવી યોગદાનના પરિણામે ઊભી થયેલી આ સંસ્થા આજે પણ શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરીને સમાજમાં આગવું સ્થાન ધરાવે છે. સરકાર માન્ય ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તરીકે કાર્યરત આ સંસ્થામાં ધોરણ ૯થી ૧૨ (સામાન્ય પ્રવાહ) સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. ચીખોદરા ઉપરાંત આસપાસના અનેક ગામોના વિદ્યાર્થીઓ માટે આ શાળા ઉચ્ચ શિક્ષણનું વિશ્વસનીય કેન્દ્ર બની છે. હાલમાં અહીં ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળાની સૌથી ગૌરવપૂર્ણ સિદ્ધિઓમાં એક એ છે કે અહીંના એક શિક્ષકને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર એનાયત થયો છે, જે સમગ્ર સંસ્થા માટે ગૌરવની બાબત છે. અનુભવી શિક્ષકમંડળ, ગુણવત્તાસભર શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેનું અનુકૂળ વાતાવરણ શાળાની વિશેષ ઓળખ બની છે. સરકારી ધોરણો અનુસાર શાળાનું વહીવટી અને શૈક્ષણિક માળખું સંપૂર્ણ સુસજ્જ છે. આધુનિક સુવિધાઓ, શિસ્તબદ્ધ શૈક્ષણિક વાતાવરણ અને મૂલ્યલક્ષી શિક્ષણના કારણે એમ.એમ. એન્ડ સન્સ હાઈસ્કૂલ આજે પણ ચરોતરના અગ્રણી શૈક્ષણિક કેન્દ્રોમાં સ્થાન જાળવી રાખી રહી છે.



### શ્વેત ક્રાંતિનો મજબૂત પાયા સમાન દૂધ ઉત્પાદક સહકારી મંડળી

અમૂલ ડેરીના ગઢ એવા આણંદ જિલ્લામાં ચીખોદરાનો ફાળો બહુ કિંમતી છે. ગામમાં પશુપાલન એ માત્ર પૂરક આવકનું સાધન નથી, પણ એક શ્રદ્ધેય વ્યવસાય છે. ચીખોદરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી સમગ્ર ચરોતર પંથકમાં સૌથી વધુ દૂધ એકત્રિત કરતી ટોચની ૨૫ મંડળીઓમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. રોજ સવાર-સાંજ ગામના પશુપાલકો શુદ્ધ દૂધ મંડળીએ જમા કરાવે છે, જે આધુનિક ટેક્નોલોજી દ્વારા ટેસ્ટ થઈને સીધું અમૂલ ડેરીમાં પહોંચે છે. આ સહકારી માળખાએ ગામના નાનામાં નાના ખેડૂત અને મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવ્યા છે.

## માનવ સંશાધન મંત્રાલય દિલ્હી દ્વારા ચિખોદરાની કન્યા શાળાને સ્વચ્છતા માટે રાષ્ટ્રીય એવોર્ડ

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, આણંદ સંચાલિત કન્યા શાળા, ચિખોદરાએ જિલ્લાને રાષ્ટ્ર કક્ષાનું ગૌરવ અપાવ્યું છે. માનવ સંશાધન મંત્રાલય, દિલ્હી દ્વારા સ્વચ્છ ભારત અંતર્ગત સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર (ગ્રામીણ વિભાગ) માટે દેશભરમાંથી ૫૨ શાળાઓને નોમીનેટ કરવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજયની ચાર પૈકી એક આણંદ જિલ્લાના ચિખોદરાની કન્યાશાળાનો સમાવેશ કરાયો હતો. ૧૮ સપ્ટે.૨૦૧૮ના રોજ દિલ્હીમાં યોજાયેલા કાર્યક્રમમાં શાળાને રોકડ ઈનામ સહિત સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતુ.

સ્વચ્છતા સ્પર્ધામાં શાળાઓની ભૌતિક સુવિધા, પાણીનો યોગ્ય વપરાશ, સેનિટેશન, કેમ્પસમાં સ્વચ્છતાની દૃષ્ટિએ બાળકોની ભૂમિકા, મધ્યાહન ભોજનની ગુણવત્તા, નિયમિતતા ચકાસવામાં આવી હતી. સમગ્ર રાજયની ૩૫ નોમીનેટ કરાયેલ શાળાઓમાંથી ચિખોદરા કન્યા શાળાનો પ્રથમ ક્રમાંકે સીલેકશન કરાયું હતું

શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારા ચિખોદરા કન્યાશાળાની તમામ વિગતો, અહેવાલ માનવ સંશાધન મંત્રાલય, દિલ્હીને મોકલી આપ્યો હતો. જેથી મંત્રાલયની ટીમે ચિખોદરા કન્યાશાળામાં આવીને તમામ બાબતોએ શાળાનું મૂલ્યાંકન કર્યુ હતું અને બાદમાં નેશનલ લેવલે શાળાની પસંદગી કરી હતી. મંત્રાલયની ટીમ દ્વારા સમગ્ર દેશમાંથી સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર માટે ૫૨ શાળાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજયમાંથી ચાર શાળાઓ પસંદગી પામી છે. જે પૈકી વડોદરાની ૨, બનાસકાંઠાની ૧ અને આણંદ જિલ્લાના ચિખોદરાની કન્યાશાળાની પસંદગી કરવામાં આવી છે. ડૉ આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, જનપથ રોડ, ન્યુ દિલ્હી ખાતે માનવ સંશાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરના હસ્તે ચિખોદરા કન્યાશાળાના આચાર્ય વિષ્ણુભાઈ ભોઈ, મહિલા શિક્ષિકા તથા શાળાની બાળ સંસદની કન્વીનર રીયા ગોહિલને રૂ. ૫૦ હજાર રોકડ ઈનામ, સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)